# અટલ બિહારી વાજપેયી

**( ૨૫ ડિસેમ્બર ૧૯૨૪ – ૧૬ ઓગસ્ટ ૨૦૧૮ )**

**સંકલન : યુવરાજસિંહ જાડેજા | ગોંડલ | યુયુત્સુ**

ભારતના કુશળ અને માનનીય રાજનેતા છે. પ્રજાસત્તાક ભારતના ૧૦માં વડાપ્રધાન તરીકે અલગ અલગ કુલ ત્રણ ગાળાઓ (ઈસવિસન ૧૯૯૬માં ૧૩ દિવસ, ઈસવિસન ૧૯૯૮–૧૯૯૯માં ૧૩ મહિના અને ૧૯૯૯–૨૦૦૪માં પૂરા ૫ વર્ષ) દરમ્યાન સેવા આપી ચૂક્યા છે.વાજપેયી કુલ નવ વખત લોકસભાના સભ્ય અને બે વખત રાજ્ય સભાના સભ્ય રહી ચૂક્યા છે. અલગ અલગ સામાન્ય ચૂંટણીમાં અલગ અલગ ચાર રાજ્યો ( ઉત્તર પ્રદેશ , મધ્ય પ્રદેશ , ગુજરાત અને દિલ્હી )માંથી ચૂંટાનારા તેઓ એકમાત્ર સંસદ સભ્ય છે.ઈસવિસન ૧૯૬૯–૧૯૭૨ દરમ્યાન વાજપેયી ભારતીય જન સંઘ (હવે, ભારતીય જનતા પાર્ટી ) નાં પ્રમુખ હતાં.અટલ બિહારી વાજપેયીનો જન્મ ક્રિસમસના દિવસે એટલે ૨૫ ડીસેમ્બર ૧૯૨૪માં થયો હતો.તેમની માતાનું નામ કૃષ્ણા વાજપેયી હતું.તેમના પિતા કૃષ્ણા અધ્યાપક ઉપરાંત હિન્દી અને વ્રજ ભાષાના પારંગત હતા.તેમણે કાનપુરમાં ડી.એ.વી કોલેજમાંથી રાજનીતિશાસ્ત્રમાં એમ.એની ડીગ્રી ફર્સ્ટ ક્લાસ સાથે મેળવી હતી.તેમણે પિતાજી સાથે કાનપુરમાં જ એલ.એલ.બીનો અભ્યાસ કર્યો,પરંતુ તેને વચ્ચે છોડીને સંપૂર્ણ નિષ્ઠાથી સંઘકાર્યમાં જોડાઈ ગયા હતા.આ દિવસને ભારતમાં મોટો દિવસ કહેવામાં આવે છે.તેમણે લગ્ન નહોતા કર્યા.અટલ બિહારી વાજપેયીની એક ટીપ્પણી ખાસ જાણીતી છે,જેમાં એવું ભારત જે ભૂખ અને ડરથી,નિરક્ષરતા અને અભાવથી મુક્ત હોય.અટલ બિહારી વાજપેયી ભારતીય જનસંઘની સ્થાપના કરનારા એક છે,જે પછી ભારતીય જનતા પાર્ટી નામથી રાજકીય પાર્ટી બની.૧૯૬૮થી ૧૯૭૩ સુધી અટલ જનસંઘના અધ્યક્ષ રહ્યા હતા અને જીવનભર ભારતીય રાજનીતિમાં સક્રિય રહ્યા હતા.તેમણે લાંબા સમય સુધી રાષ્ટ્રધર્મ,પાંચજન્ય અને વીર અર્જુન જેવા રાષ્ટ્રીય ભાવનાથી ઓતપ્રોત તેમના પત્ર-પત્રિકાઓમાં સંપાદન કાર્ય પણ કર્યું હતું.જે ભારતના 11માં પ્રધાનમંત્રી બન્યા. પહેલા તેઓ 1996માં 13 દિવસો માટે પ્રધાનમંત્રી બન્યા અને પછી ત્યારબાદ 19 માર્ચ 1998થી લઈને 19 મે 2004 સુધી સત્તાની ડોર પ્રધાનમંત્રીના રૂપમા તેમના હાથમાં રહી.વાજપેયીજી 9 વાર લોકસભા માટે બે વાર રાજ્ય સભા માટે પસંદગી પામ્યા. મોરારજી દેસાઈની કેબિનેટમાં તેમણે વિદેશ મંત્રીનુ પદ પણ સંભાળ્યુ. બીજેપીની રચના કરનારાઓમાં એક નામ અટલ બિહારી વાજપેયીનુ પણ છે. રાજકીય વિરોધીઓ ભણી ય આદર ધરાવતા વાજપેયી

## •અટલજી ઉવાચ :

**પદ, પૈસા ઔર પ્રતિષ્ઠા કે પીછે પાગલ હોનેવાલોં કે લિયે હમારે યહાં કોઈ જગહ નહીં હૈ**

હાર-જીતને સમભાવથી લેનારા વાજપેયી રાજકીય વિરોધીઓને શત્રુ નહીં, પણ સ્વજનભાવે નિહાળતા

કવિ કેદીરાય કહેતા હતા કે જિનમેં આત્મસન્માન કા અભાવ હોં, વે દરબાર મેં જાકર મુજરે ઝાડે

વિપક્ષીનેતામાંથી વડા પ્રધાન બનેલા અટલ બિહારી વાજપેયીનું નામ આજેય ખૂબ આદરથી લેવાય છે. ૨૫ ડિસેમ્બર એમનો જન્મદિવસ. જન્મનું ચલણી વર્ષ છે ૧૯૨૪. જોકે, શાળામાં એમની જન્મતારીખ ૨૫ ડિસેમ્બર ૧૯૨૬ નોંધાયેલી છે. છેક ૧૯૫૭થી લઈને આજ લગી રાજકારણમાં જ નહીં,સમાજકારણ અને સાહિત્ય સર્જનકારણમાં પણ અટલજી કે કવિ કૈદીરાયનું નામ પોતાનો આગવો પ્રભાવ પાડનારું રહ્યું છે. આજે એ લોકજનરથી ઓઝલ થવા જેવી નાજુક આરોગ્યથી સ્થિતિમાં હોવા છતાં સત્તા પક્ષ કે વિપક્ષ, દેશની પ્રજામાં કે વિદેશના લોકોમાં ભાવ સાથે, આદર સાથે, હૃદયના ઉમળકાથી જેમનું નામ લેવાય એવા અટલ બિહાર વાજપેયી ૧૯૫૭માં લોકસભે આવ્યા ત્યારથી સંસદનાં બેઉ ગૃહોમાં પોતાની અમીટ છાપ મૂકી ગયા છે. ભાષની ગરિમા અને સંયમ, વિપક્ષ ભણીનો આદર અને અંગત સંબંધોના ઉદ્યાન ખીલાવતા રહેલા અટલજી, કાશ્મીર કોકડાંની વાત હોય કે ઈશાન ભારતની સમસ્યાઓની, વર્તમાન વડા પ્રધાન નરેન્દ્ર મોદી હોય કે પૂર્વ વડા પ્રધાનો પંડિત જવાહરલાલ નહેરુથી લઈને પી. વી. નરસિંહ રાવ સહિતના હોય, અટલજી કાયમ સૌને યાદ આવે જ આવે. થવું હતું તો અધ્યાપક, પણ થઈ ગયા રાજનેતા. રાજનેતા કરતાં રાજપુરુષ વધુ ગણાય. રાજનેતા ચૂંટણીઓ જીતીને સત્તા સુધી પહોંચવાની ટૂંકી દૃષ્ટિ ધરાવતો હોય છે. રાજપુરુષ (સ્ટેટ્સમેન) તો ભાવિ પેઢીઓના ભવિષ્યને ઊજ્જવળ બનાવવાના ધખારા ધરાવતો હોય છે. સ્વના સ્વાર્થ વિનાનો.

## કુર્સી પૂજા અને વ્યક્તિપૂજા ભાજપનું લક્ષ્ય નહોતું

‘હમારે સામને એક લક્ષ્ય હૈ, કેવલ કુર્સી કી લડાઈ નહીં હૈ’, ૧૯૮૦માં મુંબઈના વાંદરા ખાતેના રેક્લેમેશનમાં ઊભા કરાયેલા ‘સમતાનગર’માં ભારતીય જનતા પક્ષ (ભાજપ)નું પ્રથમ અધિવેશન મળ્યું ત્યારે અટલજી એના પ્રથમ અધ્યક્ષ તરીકે, નહેરુ અને ઈંદિરા ગાંધીની સરકારમાં પ્રધાન અને મુંબઈની વડી અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિ રહેલા જસ્ટિસ મોહમ્મદ કરીમ ચાગલા (મર્ચન્ટ-કચ્છી ગુજરાતી) સાથેના મંચ પરથી બોલી રહ્યા હતાઃ ‘અભી હમારે સાથી મુઝે લેકર નારે લગા રહે થે, આપ કે પ્રેમ કી મૈં કદ્ર કરતા હું. મગર હમેં વ્યક્તિપૂજા કો બઢાવા નહીં દેના હૈ. અંધેરા હૈ, ઘનીભૂત અંધકાર હૈ, હમ એક અંધેરી ગલી મેં ઘુસ રહે હૈય’ પ્રકાશ-કિરણ દિખાઈ નહીં દેતી, મગર ઈસ અંધેરે કો ચીને કે લિયે એક ચિનગારી સે કામ નહીં ચેલગા. હમ મેં હરેક કો અપની-અપની જગહ પર ચિનગારી બન જાના હૈ.’ મુંબઈમાં રાષ્ટ્રીય સમાચાર સંસ્થાના હિંદી વિભાગના બાલ્ય-સંવાદદાતા તરીકે ‘ગાંધીવાદી સમાજવાદ’ને અપનાવતા અને પાછળથી ફગાવતા ભાજપના એ પાયાના પથ્થરોને નજીકથી નિહાળવાનો રોમાંચ કાંઈક અનેરો હતો. જસ્ટિસ ચાગલાને ભાજપમાં ભારતનું ભવિષ્ય નિહાળીને નિર્લેપભાવે આશીર્વાદ આપવાનું પસંદ કર્યું હતું.

## સ્વજનોમાં ઘા ઝીલ્યા છતાં વિવેક ના ચૂક્યા

અનેકવાર સ્વજનોનાં હળાહળ પચાવી જનારા અટલજી ક્યારેક ગુજરાત ભાજપમાં શંકરસિંહ ફેઈમ ખજૂરાહો કાંડના ગાળામાં ઘરની વાત ઘરમાં રાખવા આવ્યા હતા. સ્વજનોએ જ ‘ધોતી બિકી આઠ કરોડ મેં’ના નારા લગાવીને જનસંઘ અને ભાજપના આ પિતાતુલ્ય વ્યક્તિત્વને કેટલી હદની વ્યથા પહોંચાડી હતી એ તો કવિ કૈદીરાયની કવિતામાં જ પ્રગટ થઈ શકેઃ

'કૌરવ કૌન ,કૌન પાંડવ, ટેઢા સવાલ હૈ દોનોં ઓર શકુનિ કા ફૈલા કૂટ જાળ હૈ.'

'અપનોં કે મેલે મેં મીત નહીં પાતા હૂં'ની વ્યથા અનુભવતા અટલજીને સ્વજનો જ સૌથી વધુ ઘા અને છરકા કર્યાનું ક્યારેક એ અંતરંગોને કહેવાનું ચૂકતા નથી,છતાં પ્રગટપણે એમણે ક્યારેક અવિવેક કર્યો હોય, અન્ય રાજકીય પક્ષના નેતાઓ માટે ય અવિવેકી ભાષા વાપરી હોય એવું ઉદાહરણ અડધી સદી કરતાં પણ લાંબી ચાલેલી એમની રાજકીય યાત્રામાં ભાગ્યે જ મળે છે. વડા પ્રધાન બન્યા પછી ય પોતાને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ) ના સ્વયંસેવક ગણનાર અટલજી તત્કાલીન સરસંઘચાલક કુપહલ્લી સિતારામૈયા સુદર્શનને આવકારવા દરવાજે આવીને ઊભા રહે અને કહે પણ ખરા, 'આપને મુઝે બુલા લિયા હોતા.' ત્રણ-ત્રણ વાર ખોડંગાતી કેન્દ્ર સરકારના વડા પ્રધાન બન્યા, પણ એમના યુગમાં કોઈ સાંસદ કે પ્રધાન એલફેલ નિવેદનો કરી નહીં એની પૂરતી તકેદારી રાખે. હાર-જીતને સમભાવથી લેવાની પ્રકૃતિ કેળવનાર વાજપેયી રાજકીય વિરોધીઓને શત્રુ નહીં, પણ સ્વજનભાવે જ નિહાળવાની પ્રકૃતિ ધરાવતા હતા. એટલે જ એમની ઊણપ કે ગેરહાજરી વર્તમાનમાં ય અનુભવાય છે.

## ભારત જીતા-જાગતા રાષ્ટ્રપુરુષ હૈ

અટલજીનું વ્યાખ્યાન સંસદમાં કે જાહેરસભામાં સાંભળવું એ લહાવો લેખાતો. અસ્ખલિત કાવ્યમય શૈલીમાં એ શ્રોતાગણને ડોલાવે એવું રસિક વ્યાખ્યાન આપતા રહેતા. પદ્યશૈલી પણ સાવ સરળ, ગાંધીજીના પેલા કોશિયાને ય સમજાય એવી અને સાથે જ રાષ્ટ્રજતન અને સમર્પણનો સંદેશ આપનારી. દા.ત.ભારત જમીન કા ટુકડા નહીં, જીતા-જાગતા રાષ્ટ્રપુરુષ હૈ,

હિમાલય ઈસકા મસ્તક હૈ, ગૌરીશંકર શિખા હૈ.

કશ્મીર કિરીટ હૈ, પંજાબ ઔર બંગાલ દો વિશાલ કંધે હૈ,

વિંધ્યાચલ કટિ હૈ, નર્મદા કરધની હૈ. પૂર્વી ઔર પશ્ચિમી ઘાટ,

દો વિશાલ જંઘાએં હૈ,કન્યાકુમારી ઈસકે ચરણ હૈ, સાગર ઈસકે પગ પખારતા હૈ.

પાવસ કે કાલે-કાલે મેઘ ઈસકે કુંતલ કેશ હૈ,ચાંદ ઔર સૂરજ ઈસકી આરતી ઉતારતે હૈ.

યહ વદન કી ભૂમિ હૈ, અભિનંદન કી ભૂમિ હૈ,યહ તર્પણ કી ભૂમિ હૈ, યહ અર્પણ કી ભૂમિ હૈ.

ઈસકા કંકર-કંકર શંકર હૈ, ઈસકા બિંદુ-બિંદુ ગંગાજલ હૈ,

હમ જિયેંગે તો ઈસ સે લિયે, મરેંગે તો ઈસ કે લિયે.

??- આ કવિતા પણ અટલજીના જ એક ભાષણનો જ અંશ છે.

## પદ, પૈસા અને પ્રતિષ્ઠા નહીં, આત્મસન્માન

વાજપેયી યુગમાં ક્યારેક ભાજપીનેતા પ્રમોદ મહાજને ઉત્તર પ્રદેશના'બાહુબલિ નેતા' ડી. પી. યાદવને પક્ષમાં લીધા, પણ સાંજ પડતાં સુધીમાં તો એમને રુખસદ આપવી પડી હતી. થોડાક વખત પહેલાં ભાજપના વરિષ્ઠ નેતા (હવે માર્ગદર્શક મંડળમાંના) ડો. મુરલી મનોહર જોશી સાથે વાત થઈ તો

કહે:, પરિવર્તન તો પ્રકૃતિ કા નિયમ હૈ.' વાત તો સાચી, પણ વાજપેયીયુગનો નોસ્ટાલ્જિયા શેં વીસરાય?' ફરીને ભાજપના પ્રથમ અધિવેશનમાંના અટલજીના એ શબ્દો કાનમાં છે:'શિખર કી રાજનીતિ કે દિન લદ ગયે. જોડ-તોડ કી રાજનીતિ કા અબ કોઈ ભવિષ્ય નહીં રહા. પદ, પૈસા ઔર પ્રતિષ્ઠા કે પીછે પાગલ હોનેવાલોં કે લિયે હમારે યહાં કોઈ જગહ નહીં હૈ. જિન મેં આત્મસન્માન કા અભાવ હોં, વે દરબાર મેં જાકર મુજરે ઝાડે. હમ તો એક હાથ મેં ભારત કા સંવિધાન ઔર દૂસરે મેં સમતા કા નિશાન લેકર મૈદાન મેં જૂઝેંગે. હમ છત્રપતિ શિવાજી મહારાજ કે જીવન ઔર સંઘર્ષ સે પ્રેરણા લેંગે. સામાજિક સમતા કા બિગુલ બજાનેવાલે મહાત્મા ફૂલે હમારે પથદર્શક હોંગે. ભારત કે પશ્ચિમ ઘાટ કો મંડિત કરનેવાલે મહાસાગર કે કિનારે ખડે હોકર મૈં યહ ભવિષ્યવાણી કરને કા સાહસ કરતા હૂં કિ અંધેરા છટેગા, સૂરજ નિકલેગા, કમલ ખિલેગા!

આજના સત્તાધીશોને કવિ કૈદીરાયના કવિતાસ્વરૂપે હૃદયમાંથી પ્રગટેલા આ શબ્દોનું સ્મરણ કરવાનો કદાચ આજે વખત પણ ના હોય!

## એવા પ્રધાનમંત્રી કે જેમને ભારતરત્ન મળ્યો હોય

ટ્રીક :- જબ મોરા રાજીવ અટલ લાઈ

- જબ – જવાહરલાલનહેરુ (1955)
- મોરા – મોરારજી દેસાઈ (1991)
- રાજીવ – રાજીવ ગાંધી (1991)
- અટલ – અટલ બિહારી વાજપેયી (2014)
- લા – લાલબહાદુર શાસ્ત્રી (1966)
- ઈ – ઈન્દિરા ગાંધી (1971)

## વાજપેયીએ વડાપ્રધાન તરીકે ત્રણ વખત નેતૃત્વ સંભાળ્યું હતું. જેમાં

(૧) પ્રથમ વખત – ૧૬ મે ૧૯૯૬ થી ૧ જૂન ૧૯૯૬ સુધી.

(૨) દ્વિતીય વખત – ૧૯ માર્ચ ૧૯૯૮ થી ૨૬ એપ્રિલ ૧૯૯૯ સુધી.

(3) તૃતીય વખત – ૧૩ ઓક્ટોબર ૧૯૯૯ થી ૨૨ મે ૨૦૦૪ સુધી.

અટલ બિહારી વાજપેયી હિન્દી કવિ, પત્રકાર અને પ્રખર વક્તા પણ છે. ભારતીય જનસંઘની સ્થાપનામાં તેમની ભૂમિકા ખૂબ જ મહત્વની હતી. ૧૯૬૮ થી ૧૯૭૩ સુધી જનસંઘના અધ્યક્ષ પણ રહ્યાં. જીંદગીભર રાજનીતિમાં સક્રિય રહેલા અટલ બિહારી વાજપેયી લાંબા સમય સુધી રાષ્ટ્રધર્મ, પાંચજન્ય અને વીર અર્જુન સહિતના સામયિકના સંપાદક પણ રહ્યાં. વાજપેયી રાષ્ટ્રીય સ્વંયસેવક સંઘના સમર્પિત

પ્રચાર રહ્યાં અને આ નિષ્ઠાના કારણે એમણે જીવનભર અવિવાહિત રહેવાનો સંકલ્પ કર્યો. સર્વોચ્ચ પદ પર પહોંચવા સુધી એમણે પોતાનો સંકલ્પ નિષ્ઠાપૂર્વક નિભાવ્યો.'હું મરવાથી ડરતો નથી, ડરું છું તો ફક્ત બદનામીના ડરથી': અટલજી પાંચ વર્ષની ટર્મ પૂર્ણ કરનાર એકમાત્ર બિન-કોંગ્રેસી વડાપ્રધાન

અટલ બિહારી વાજપેયી 1999-2004 માં તેઓ ત્રણ વખત દેશના વડાપ્રધાન પદે રહ્યા હતા. નોંધનીય છે કે 1999-2004માં તેમણે પૂરા પાંચ વર્ષ સુધી પોતાના વડાપ્રધાનનો કાર્યકાળ પૂરો કર્યો હતો. આ સાથે જ વાજપેયીજી પાંચ વર્ષની ટર્મ પૂર્ણ કરનાર સૌપ્રથમ બિનકોંગ્રેસી વડાપ્રધાન બન્યા હતા. તેઓ ખૂબજ સરળ સ્વભાવના હતા.

- ૧૦ વખત સંસદસભ્ય તરીકે ચૂંટાયા
- બે વાર રાજ્યસભાના સભ્ય તરીકે ચૂંટાયા
- ભારતીય જનસંઘ, જનતા પાર્ટી અને ભાજપ એમ ત્રણ પક્ષોના સ્થાપક સભ્ય તરીકે પાયાની ભૂમિકા અદા કરી.
- ૧૯૫૧ : સ્થાપક સભ્ય- ભારતીય જનસંઘ સંઘ.
- ૧૯૫૭-૬૨ : દ્વિતીય લોકસભામાં પહેલીવાર સંસદ તરીકે ચૂંટાયા.
- ૧૯૫૭-૭૭ : નેતા, ભારતીય જનસંઘ પાર્લમન્ટરી પાર્ટી.
- ૧૯૬૨ : રાજ્યસભાના સાંસદ બન્યા.
- ૧૯૬૬-૬૭ : ચેરમેન, કમિટી ઓન ગર્વમેન્ટ એસ્યોરન્સ
- ૧૯૬૭ : ચોથી લોકસભામાં બીજી વખત સાંસદ બન્યા.
- ૧૯૬૭-૭૦ : ચેરમેન, પબ્લિક એકાઉન્ટ કમિટી
- ૧૯૬૮-૭૩ : અધ્યક્ષ, ભારતીય જન સંઘ
- ૧૯૭૧ : પાંચમી લોકસભામાં ચૂંટાયા (ત્રીજી વખત સંસદ તરીકે )
- ૧૯૭૭ : છઠ્ઠી લોકસભામાં ચૂંટાયા (ચોથી વખત સંસદ બન્યા) .
- ૧૯૭૭-૭૯ : દેશના કેબિનેટ વિદેશપ્રધાન બન્યા.
- ૧૯૭૭-૮૦ : સ્થાપક સભ્ય, જનતા પાર્ટી
- ૧૯૮૦ : સાતમી લોકસભામાં ચૂંટાયા (પાંચમી વખત સાંસદ બન્યા)
- ૧૯૮૦-૮૬ : અધ્યક્ષ, ભારતીય જનતા પાર્ટી (ભાજપ)
- ૧૯૮૦-૮૪, ૧૯૮૬ અને ૧૯૯૩-૯૬ : નેતા, ભાજપ પાર્લામેન્ટરી પાર્ટી
- ૧૯૮૬ : સભ્યા, રાજ્યસભા
- ૧૯૮૮-૮૯ : સભ્ય, જનરલ પર્પઝ કમિટી
- ૧૯૮૮-૮૯ : સભ્ય, હાઉસ કમિટી અને સભ્ય, બિઝનેસ એડવાઈઝરી કમિટી
- ૧૯૯૦-૯૧ : ચેરમેન, કમિટી ઓન પીટીશન્સ
- ૧૯૯૧ : દસમી લોકસભામાં ચૂંટાયા ( સાંસદ તરીતે છઠ્ઠી ટર્મ)
- ૧૯૯૧-૯૩ : ચેરમેન, પબ્લિક અકાઉન્ટ કમિટી, લોકસભા.
- ૧૯૯૩-૯૬ : ચેરમેન, કમિટી ઓન એક્સ્ટર્નલ એફેર્ઈસ
- ૧૯૯૩-૯૬ : વિપક્ષ નેતા, લોકસભા
- ૧૯૯૬ : ૧૧મી લોકસભામાં ચૂંટાયા ( સંસદ તરીકે ૭મી વખત)

- ૧૬ મે ૧૯૯૬ થી ૩૧ મે ૧૯૯૬ : પ્રથમ વખત દેશના વડાપ્રધાન બન્યા( ઈન્ચાર્જ અન્ય વિષયો. પણ કોઈને કેબિનેટ મિનિસ્ટરીની ફાળવણી કરી શક્યા નહીં.) બનાવ્યા નહીં.)
- ૧૯૬-૯૭ : વિપક્ષી નેતા, લોકસભા
- ૧૯૯૭-૯૮ : ચેરમેન, કમિટી ઓન એક્સ્ટર્નલ અફેઈર્સ
- ૧૯૯૮ : ૧૨મી લોકસભામાં ચૂંટાયા ( સંસદ તરીકે ૮મી વખત)
- ૧૯૯૮-૯૯ : બીજી વખત દેશના વડાપ્રધાન બન્યા
- ૧૯૯૯ : તેરમી લોકસભામાં ચૂંટાયા ( સંસદ તરીકે નવમી વખત) અને લોકસભામાં ભાજપ પાર્લામેન્ટરી પાર્ટીના નેતા બન્યા.
- ૧૩ ઓક્ટોબર ૧૯૯૯ થી મે-૨૦૦૪ : ત્રીજી વખત દેશના વડાપ્રધાન બન્યા.
- ૨૦૦૪ : ચૌદમી લોકસભામાં ચૂંટાયા ( સંસદ તરીકે ૧૦મી વખત) અને એનડીએના ચેરમેન બન્યા.

આમ, અટલબિહારી વાજપેયી એક વિદ્વાન, નિષ્ઠાવાન અને જનહિતને અગ્રસ્થાને રાખીને રાજનીતિ કરનાર રાજનેતા તરીકે કાયમ ઓળખાશે.

જ્ઞાનસારથિ